# ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદ

તા. 25/07/2023

## વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ

વર્ષ-2022-23 દરમિયાન ભારતને G-20 દેશોનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત થયેલ છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા રાજ્ય થી લઇ ભારતના દરેક ગામ સુધી G-20 અંતર્ગત ક્લાઇમેન્ટ ચેન્જ, ડિઝાસ્ટર રીસ્ક રેડિયુશન, ગ્રીન એનર્જી, ક્લાઇમેન્ટ શોક, સ્ટેશનેબલ ડેવલોપમેન્ટ, કાર્બન ફૂટ પ્રિન્ટ, ડિક્રીસ ટુ ડીગ્રી સેલ્સિયસ વગેરે પર્યાવરણીય વિષયો પર સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ આયોજન કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ ખાતે હાલમાં જ ભરાયેલ G-20 દેશોના



વિવિધ શહેરોના મેયરની મિટિંગમાં વિશ્વમાં વધતી જતી ગ્લોબલ વોર્મીંગની સ્મસ્યા પર ચર્ચા કરવામા આવી જેમાં આ સ્મસ્યાના સમાધાન સ્વરૂપે વૃક્ષારોપણ જેવા કાર્યક્રમને અસરકારક રીતે અમલી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. ભારત સરકારે G-20 અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમના અસકારક અમલીકરણ માટે શાળા કૉલેજોમાં આ પ્રકારના કાર્યક્રમોનું આયોજીન કરી દેશના પર્યાવરણીય વિકાસમાં સહભાગી થવા જણાવેલ છે.



તા. 25 જુલાઇ, 2023ના રોજ ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)ના એન.એસ.એસ, એન.સી.સી તથા ઇકો ક્લબ વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રેની સંસ્થાના આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડિયા,

Scanned with CamScanner

અધ્યાપકગણ તથા 40 જેટલા વિદ્યાર્થી ભાઇઓ બહેનોએ ઉત્સાહથી વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વૃક્ષારોપણ બાદ આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડિયાએ વિદ્યાર્થીઓને ગ્લોબલ



વોર્મિંગની સમસ્યા સામે વૃક્ષારોપણ એ જ ઉત્તમ ઉપાય જણાવી વૃક્ષોની જાળવણી કરવાનું કાર્ય સોંપ્યુ હતું. કોલેજના ઉપાચાર્ય શ્રી બહાદૂરસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણ સાથે ઇતર પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવી કોલેજમા યોજાતા વૃક્ષારોપણ જેવા અન્ય કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને ઉત્સાહથી ભાગ લેવા જણાવ્યું હતું તથા આવા કાર્યક્રમો માટે એન.એસ.એસ, એન.સી.સી તથા ઇકો કલબને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓ અલ્પાહાર ગ્રહણ કરી છૂટા પડ્યા હતા.

કો-ઓર્ડિનેટર
એન.એસ.એસ કો-ઓર્ડિનેટરશ્રી,
એન.સી.સી. ANO Officer
ઇકો કલબ કો-ઓર્ડિનેટરશ્રી, -

આચાર્યશ્રી
ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)

PRINCIPAL
Gujarat Arts & Commerce College (Evening)
Ahmedabad-380006.

GUJARAT ARTS & COMMERCE COLLEGE * AHMEDABAD *

Scanned with CamScanner